

માનવ જ્યારે માનવ મટી દાનવ બને છે ત્યારે એ ધર્મને બદલે ધનનું, સંતને બદલે સંપત્તિનું, વિરાગને બદલે વિલાસનું અને સમતાને બદલે મમતાનું સન્માન ને સ્વાગત કરે છે!

— ચિત્રભાનુ

# દિવ્યદીપ

## સંપત્તિનું સગપણ

ઇ. સ. પૂર્વે ૭૯મા વર્ષની આ વાત છે. વિસુવિઅસ પર્વત પરથી લાવારસ ઊછળવાનાં એંધાણુ શરૂ થઈ ગયાં હતાં. લોકો ભાગી રહ્યા હતા. ત્યારે પણ એક ધનપતિ વૃદ્ધ તિજોરી ખોલી ઝટપટ હીરા, પન્ના, નીલમ અને રત્નો એક પેટીમાં ભરી રહ્યો હતો. એનો દીકરો ફાટી આંખે આ જોઇ જ રહ્યો. એને બિચારાને ખબર જ નહિ કે એના ઘરમાં આટલું ઝવેરાત છે. વૃદ્ધે પેટી ઉપાડી ગામ બહાર ભાગવા માડ્યું. પેટી વજનદાર હતી. કાયા જર-જરિત હતી. એના પગમાં વેગ આવે પણ કેટલો? છતાં વૃદ્ધ દોડી રહ્યો હતો. પુત્રે કહ્યું: "પિતાજી! આપ આ પેટી ઉપાડીને દોડી નહિ શકો. એ મને જ આપો અને આપ ખાલી હાથે દોડો. જુઓ! લાવા રસની લાલ જીભ દેખાવા લાગી છે!"

વૃદ્ધે પેટી ના આપી. રખે ભાગી જાય તો! યુવાન ખીજાયો, લોખંડના સળિયાનો બાપના માથે જોરથી ઘા કરતાં ત્રાડ નાખી: "મરણની ઘડી નજીક આવી છે તો ય મંજૂષા છૂટતી નથી!"

વૃદ્ધ ઢળી પડ્યો. પુત્રે પેટી સાથે દોટ મૂકી ત્યાં તો લાવારસ ઊછળ્યો અને એને ય ભંડારી ગયો.

— ચિત્રભાનુ


વર્ષ : ૭

અંક : ૫

નવેમ્બર

# ❁ પ્રશ્નોત્તર પ્રકાશ ❁

'મારે આત્મસાક્ષાત્કાર કરવો છે', 'મારે આત્માને જોવો છે' કેટલાયના મનની આ માંગ છે, ગુરુ પાસે પૂછવાનો આ પ્રશ્ન છે, કેટલાકની પ્રભુ પાસે પ્રભાતની આ પ્રાર્થના છે.

પણ જયાં સમજણનો પ્રકાશ નથી, જ્ઞાનભર્યું માર્ગદર્શન નથી ત્યાં અંધારામાં આથડવાનું છે, બુદ્ધિને લડાવવાની છે, ધ્યેય વિના અથડાવાનું છે.

પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુના દર્શનાર્થે તા. ૨-૧૦-૭૦ના રોજ એક જાણીતા ધારાશાસ્ત્રી આવ્યા અને કેટલાય વર્ષોથી મનમાં ગૂંચવણ ઊભો કરતો પ્રશ્ન તેઓશ્રીના હોઠે આવી ચઢયો.

"મહારાજશ્રી, મારું મન ધર્મમાં લાગેલું છે, મારો જીવનવ્યવહાર નીતિ અને પ્રામાણિકતાથી રંગાયેલો છે પણ મનની એક ઇચ્છા અધૂરી છે, 'આત્મસાક્ષાત્કાર કેમ કરવો ? આત્માને કેમ જોવો ?' આપ મને માર્ગદર્શન ન આપો ?"

વર્ષોથી વપરાતા, ઘસાઇ ગયેલા સિક્કા જેવા આ શબ્દો અને પ્રશ્નકારની જીવન સાર્થક કરવાની તમન્ના જોતાં પૂ. ગુરુદેવે સ્મિત કરી સામો જ પ્રશ્ન પૂછયો:

"તમારે કોને જોવો છે ?"

"આત્માને."

"આત્માને જોવો છે ? જાણો છો ને ? જોવાની ક્રિયામાં બે વસ્તુ આવશ્યક છે. જોનાર અને જોવાનો પદાર્થ. દૃષ્ટા અને દૃશ્ય. દૃષ્ટા અને દૃશ્ય એક બીજાથી જૂદા છે એટલે જ દૃષ્ટા દૃશ્યને જોઇ શકે છે. મારે તમને જોવા હોય તો હું અને તમે જૂદા હોવા જોઈએ.

"જોનાર કોણ છે ? તમારો આત્મા અને જોવો છે કોને ? તમારા આત્માને. એટલે તમારા આત્માએ તમારા આત્માને જોવો છે ! તો પછી તમારા શરીરમાં બે આત્મા હોવા જોઇએ ! એક જોનારો આત્મા અને બીજો જોવાનો આત્મા ! પણ શરીરમાં તો એક જ આત્મા છે. તો પછી પોતે પોતાને કેવી રીતે જોઈ શકે ?

"જો તમે કહો કે હું મારી આંખથી, મારા મનથી મારા આત્માને જોવા માગું છું તો એ પણ શક્ય નથી કારણ કે જેમ આંખ, કાન, નાક, મોઢું, સ્પર્શ એ પાંચ ઇન્દ્રિયો છે એમ મન પણ છઠ્ઠી ઇન્દ્રિય જ છે. ઇન્દ્રિયો બધી જડ છે, બલ્બ જેવી છે. બલ્બમાં વિદ્યુત પ્રવાહ પસાર થાય તો બલ્બ પ્રકાશ આપે એમ ઇન્દ્રિયોનો આત્મા સાથેનો સંપર્ક છે તો એ કામ કરે છે. આત્મા સાથેનો સંબંધ તૂટતાં એ ઇન્દ્રિયો હોવા છતાં કામ વગરની છે, નિષ્ક્રિય છે.

"આ જડ જેવી ઇન્દ્રિયો ચેતનને કેવી રીતે જોઇ શકે ?

"ચેતન તો અરૂપી છે. અરૂપીને રૂપી ઇન્દ્રિયો કેમ જોઈ શકે ?

"માટે હવે સમજવાનું કે આત્માને જોવાનો નથી પણ એ છે જ એ જાણવાનું છે. અને જાણીને એ પ્રમાણે જીવવાનું છે.

"આત્માનો સ્વભાવ આજે વિસરાઈ ગયો છે. જે ભૂલાઇ ગયો છે તેને જ અનુભવવાનો છે.

"મારા શૈશવમાં એક પ્રસંગ બનેલો. લગ્ન પ્રસંગે મારે રાજસ્થાન જવાનું થયું. રાજસ્થાનમાં લગ્ન પ્રસંગ એટલે ભાંગની મિજબાની. રંગમાં આવતાં મેં પણ ભાંગ પીધી. પહેલાં કદી પીધી નહોતી એટલે નવા નિશાળીયાએ વધારે પીધી. થોડીવાર થઇ ન થઇ ત્યાં ભાંગનો નશો ચડયો. પછી ન બોલવાનું ભાન રહ્યું, ન વર્તનનો ખ્યાલ રહ્યો. એટલામાં મારો મિત્ર આવ્યો અને એક પ્યાલો ભરી ખારી છાશ મને પીવડાવતાં એણે કહ્યું: "રૂપ! આ તું શું કરે છે? તારાથી આમ થાય ? તને આ શોભે ?" આ શબ્દો કાને પડયા, ભાંગનો નશો ઊતરી ગયો અને તરત સમજાયું કે હું મને ભૂલી ગયો હતો.

"મેં જે ભાંગના નશામાં કર્યું એ બાળજીવો મોહના નશામાં કરી રહ્યા છે. આજે માણસો ન બોલવાનું બોલે છે, ન વર્તવાનું વર્તે છે, ન વિચારવાનું વિચારે છે. કારણ કે મોહનો નશો ચડયો છે.

"આ નશામાં જીવ પોતાને ભૂલી બેઠો છે. પોતાનો સ્વભાવ, પોતાનું સ્થાન અને પોતાની શક્તિ વીસરાઈ જતાં ચૈતન્ય વિવેકહીન વર્તન કરે છે. પણ પોતાનો સિદ્ધસ્વરૂપ સ્વભાવ સમજાતાં એ તરત સ્વસ્થ થઇ જાય છે.

"જીવનનું ધ્યેય એક જ છે. સ્વને જાણી સ્વ સત્તામાં સ્થિર થવું.

"એટલે આત્માને જાણવો એ મોક્ષ છે, આત્માને ભૂલવો એ સંસાર છે. જીવનની પળેપળમાં 'હું આત્મા છું' એ અનુભૂતિ એ જ જાગૃતિ છે. તમારા જીવનમાં આવું જાગૃતિનું પરોઢ ઊગે એ જ મારી પ્રાર્થના."

કુ. વત્સલા અમીન

# ❋ પત્ર પ્રસાદી ❋

આપણે જે સમાજમાં જીવીએ છીએ એના યોગક્ષેમને વિચાર સતત આવ્યા કરે છે. મનમાં થાય છે કે આપણી આસપાસની પ્રત્યેક વ્યક્તિને આનંદવિભોર કરી દઈએ. આ ઉત્સાહમાં કેટલુંક સાચું લખાઇ જાય છે, કેટલુંક સાચું બોલાઇ જાય છે જે રુઢિના બદ્ધ વાતાવરણમાં ઉછરેલા માનસને ક્રાંતિકારી લાગે છે અને કેટલાકને તો બળવાખોર પણ લાગે છે. કારણ કે વર્ષોથી અંધારામાં રહેવા ટેવાયેલી આંખોને જ્વલંત પ્રકાશ મળતાં વસ્તુ સ્પષ્ટ દેખાવાને બદલે તેજના જ તમ્મર આવે છે. નબળી આંખો પ્રકાશને પણ ઝીલી શકતી નથી.

પણ મિત્ર! એમની આંખોનો જ વિચાર કર્યા કરીએ અને મળેલું તેજ સમાજમાં ન પાથરીએ તો ખીણની કિનાર ઉપર જઇ પહોંચેલા સમાજને કેમ બચાવી શકીશું?

દરેક જમાનામાં હોય છે તેવો વર્ગ અહીં પણ છે. આ વર્ગને જૂનું ગમે તેવું સડેલું હોય તો પણ સારું લાગે છે અને નવું ગમે તેટલું તંદુરસ્ત હોય તો પણ નકામું અને હાનિકારક લાગે છે. આવો વર્ગ પ્રત્યેક વાતનો વિરોધ કરવાનો જ કારણ કે એ અજ્ઞાનવશ માનતો હોય છે કે નવી વસ્તુનો વિરોધ કરવામાં જ ધર્મ છે. આ વર્ગ આપણી વાતને વિકૃત રીતે રજૂ કરીને સમાજને ભડકાવે જાય છે.

આપણે શું કરવું? આપણી સર્જનભરી શક્તિ આ બધાનો સામનો કરવામાં જ ખરચાઈ જાય છે. માણસ ગમે તેવો સમર્થ હોય તો ય એની શક્તિ અને સમયની મર્યાદા છે. સામનો કરવામાં શક્તિ ખરચાઇ જાય પછી સર્જન માટે સમય અને શક્તિ લાવવાં કયાંથી?

નજર સામે કેટલા ય કાર્યો પડયા છે. શું આપણે એ કાર્યો કર્યા વિના જ ચાલ્યા જઈશું? સમાજનું ઋણ અદા કર્યા વિના જ વિદાય લઈશું? આપણને મળેલી ચિંતનશીલતા, સર્જકતા અને સૌહાર્દભરી સહૃદયતા—આ બધું શું એમ જ જશે? સામનો કરવામાં અને બચાવ કરવામાં?

બિનસમજુ લોકોએ એટલી ધાંધલ મચાવી છે કે એના ઘોંઘાટભર્યા અવાજમાં આપણી દર્દકથા સંભળાય પણ કયાંથી? અને સંભળાયા વિના આ દર્દકથા જાણે પણ કયાંથી?

અને એ લોકો એટલા જોરશોરથી વિપરીત પ્રચાર કરે છે કે ભોળા લોકો એ પ્રચારમાં તણાઈ જાય છે. કેટલાક તો એમ પણ માનતા થઈ જાય છે કે આટલું બધું અને આટલા જોરથી કહે છે તો આમાં કાંઈક તો સત્ય હોવું જોઇએ ને?

આ રીતે અજ્ઞાનીઓનો પ્રવાહ વધતો જાય છે અને આમાં નુકશાન એ છે કે સત્યનો પ્રચાર થવો જોઇએ તે આ વિપરીત પ્રચારને લીધે થતો નથી અને પ્રગતિ અટકે છે.

પ્રગતિની ગતિ અટકે એથી જૂના ઠેકેદારોને તો લાભ જ છે. એ સમજતા હોય છે કે લોકો સમજતા થયા તો એ આપણા હાથમાં નહિ રહે. અને આજે જે આપણા હાથના રમકડાં છે તે સમજતા થયા તો આપણું ધાર્યું નહિ કરે.

અજ્ઞાનનો લાભ લઇને તો એ ફાવ્યા છે નહિ તો જૈનોને રહેવા ચાલ નથી ત્યાં એક જ સ્થાનમાં હરીફાઇને લીધે સામસામા લાખોના ખરચે નવા મંદિરો કયાંથી બંધાય? આપણી બહેન, દીકરીઓને પહેરવા પૂરાં વસ્ત્ર ન હોય ત્યાં બે વર્ષમાં કાળા પડી સડી જવાના છે એવા મખમલના અને જરીના છોડ લાખોના ખરચે કયાંથી ભરાય? આપણાં નાનાં ભૂલકાંઓને પીવા દૂધ નથી ત્યાં બદામપાક, સાલમપાક અને દૂધપાક ઉત્સવોમાં કયાંથી પીરસાય?

આ બધું વિચારતાં આંખો આંસુભીની થઇ જાય છે. એમ લાગે છે કે આત્માની વાતો કરનારા જ શું આ વ્યથિત આત્માઓની વ્યથા ભૂલી ગયા છે?

—ચિત્રભાનુ

# ❋ જ્ઞાનસાર ❋

નોંધ: પૂ. ગુરુદેવ મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીએ જ્ઞાનસાર પર આપેલાં પ્રવચનોમાંથી પૂર્ણાષ્ટક અને મગ્નાષ્ટકના પહેલા ત્રણ શ્લોકો દિવ્યદીપના પાંચમા અને છઠ્ઠા વર્ષના અંકોમાં છપાઇ ગયા છે. આ અંકથી અધૂરો દોર પાછો હાથમાં લેવામાંઆવે છે.

## મગ્નાષ્ટક (૪)

परब्रह्मणि मग्नस्य, श्लथा पौद्गलिकी कथा।
क्वामि चामीकरोन्मादा: स्फारा दारादरा: क्व च॥

પરભાવ અને સ્વભાવ આ બે દિશાઓ છે. એ એક બીજાની સામસામી છે. પરભાવ એ પુદ્ગલ પ્રત્યેનો ભાવ છે, જ્યારે સ્વભાવ આત્મા પ્રત્યેનો ભાવ છે. પરભાવનો તો સૌને અનુભવ છે, એ કંઈ નવી વસ્તુ નથી પણ સ્વભાવ તરફ દૃષ્ટિ જતી નથી, દૃષ્ટિ ન જતાં પ્રીતિ વધતી નથી અને પ્રીતિ વિના એમાં સ્થિરતા તો થાય જ ક્યાંથી ?

અનાદિકાળથી આપણી નજર પરભાવમાં છે, એની પ્રીતિ જાગી છે અને પ્રીતિના કારણે પરભાવમાં સ્થિરતા છે. સ્વભાવ શું છે એનું જ્ઞાન ન હોવાને કારણે કદી એના તરફ નજર પણ ગઈ નથી.

પૈસામાં પ્રેમ થાય છે અને પ્રભુમાં કેમ થતો નથી ? કારણ કે પૈસો પરભાવ છે, પ્રભુ સ્વભાવ છે. પૈસામાં પરભાવની પક્કડ જબરી છે, પૈસો છોડવા છતાં મનથી છૂટતો નથી. એ એક રીતે છોડ્યો દેખાય પણ બીજી રીતે વળગેલો જ હોય. બહારથી ત્યાગ કરે પણ પાછલે બારણે સંગ્રહે જ જાય. એટલે ત્યાગનો અભિનય થાય પણ એની પ્રતીતિ કે અનુભૂતિ ન થાય. આજે ત્યાગીઓ ઘણા દેખાય છે, "ત્યાગી" ભાગ્યે જ મળે. વ્યકિત કે સમાજનો પલટો ત્યાગના અભિનયથી નહિ પણ અનુભૂતિથી જ થાય. આ અનુભૂતિ સ્વભાવ વિના ન સંભવે.

પ્રભુની માળા ગણતાં ઝોકું ખાઓ છો પણ પૈસો ગણતાં કદી ઝોકું ખાધું છે ? એવો માણસ તો બતલાવો કે જે નોટો ગણતાં ગણતાં સૂઇ ગયો હોય !

પણ હા, પ્રવચનમાં માળા ગણતાં ગણતાં ભડાક દઈને પછડાનારા મેં જોયા છે. એકવાર ચૌદશનું પ્રતિક્રમણ કરતો, કાઉસગ્ગમાં ઊભેલો જ્યારે પછડાયો ત્યારે મને થયેલું કે ફિટ આવી હશે, પણ પછી ખબર પડી કે ઝોકું આવેલું.

પ્રભુનું નામ વેઠ લાગે છે, 'પૂરું કરો' કારણ કે હું જૈન કુળમાં જન્મ્યો છું, બાર મહિને એક દિવસ પ્રતિક્રમણ નહિ કરું તો સમાજ પણ કહેશે કે તું જૈનનો દીકરો છે ? મસ્જિદમાં નમાજ પઢવા ટિન વેચનારો પણ પહોંચી જાય તો તું, જૈનનો દીકરો પર્યુષણમાં પ્રતિક્રમણ કરવા પણ નહિ જાય ? એટલે આ જૈનનો દીકરો પ્રતિક્રમણ કરવા પહોંચી જાય છે પણ એને એની પ્રીતિ જાગી નથી, એટલે થાક લાગે છે, ઝોકું પણ આવે છે.

ધર્મની ગમે એટલી મોટી વાતો કરો પણ જો ધર્મ કરતાં થાક લાગે, ઝોકું આવે તો એના મૂળમાં જવું પડશે, આત્મગવેષણ કરવું પડશે.

'જીવ, હજી તને રુચિ લાગી નથી. સિનેમામાં તું કેવો બાર વાગ્યા સુધી બેસી રહે છે અને ગપ્પાં મારવા બેસે ત્યારે રાતની રાત ગપ્પાંમાં કેવી વીતી જાય છે !'

વીરવિજયજી મહારાજે કહ્યું:
"અજ્ઞાનીની સંગે રે રમિયો રાતલડી,
મન મંદિરે આવો રે, કહું એક વાતલડી"

ભોગની રમતમાં, કામના અજ્ઞાનમાં, મોહની મૂર્છામાં રાતોની રાતો વીતી ગઇ છે તો હે

પ્રભુ ! હવે તમે મારા મંદિરમાં આવો તો હું તમને મારા આ દર્દની વાત કહું.

પણ પ્રભુને મંદિરે આણવા કેમ ? રુચિ તો છે નહિ. હવે પૈસો અને પ્રભુ વચ્ચેનો ભેદ સમજવો પડશે.

તમે કોઈ દિવસ કોર્ટમાં મોડા નહિ પડો, હા, સ્વાધ્યાયમાં મોડા પડવાના. કોર્ટમાં તમારો કેસ નીકળવાનો હોય ત્યારે જીવ લઇને ભાગો છો. પત્ની કહે: 'દૂધપાક બનાવ્યો છે, ગરમ ભજિયાં ઉતારી આપું, જરા ખાઈને જાઓ' ત્યારે તમે શું કહો ? મારે નથી કહેવું, તમે જાણો જ છો. ભોજન પ્રત્યે જીવ ત્યાં કેવો વૈરાગી બની જાય છે ! ત્યાં એ જાણે છે કે પત્ની કરતાં પૈસો મહત્વનો છે. કોર્ટમાં સમયસર નહિ પહોંચું તો હેરાન થઇ જઈશ.

જ્યાં તમારો સ્વાર્થ છે, જ્યાં આસકિત લાગેલી છે એમાં કોઈ દિવસ તમે મોડા નહિ પડો. જ્યાં રુચિ જાગે છે ત્યાં પગમાં જોર આવી જ જાય છે, વગર ઉપદેશે જોર આવી જાય છે.

જ્યાં મોડા પડો ત્યાં જાણી લેજો કે એના પ્રત્યે હજી રુચિ જાગી નથી.

મુંબઇમાં એવા વૃદ્ધજનોને ઓળખું છું જેમની ઉંમર ૮૦ વર્ષની છે પણ વેપાર કરવા, પૈસો બનાવવા બહારગામ દોડે, ટ્રેઈનમાં જાય, પ્લેનમાં પણ જાય, ભાગાભાગ કરે. પણ જ્યારે કહું કે સ્વાધ્યાયમાં આવો તો કહે: 'મહારાજ, ઘડપણ છે, બેસી શકાતું નથી, કેડ દુ:ખે છે !'

વાત પણ સાચી છે. એ ખોટું નથી બોલતો એની મને ખાતરી છે. એ મને છેતરવા માગે છે એમ પણ નથી પણ એના મનમાં રુચિ જ જાગી નથી. એટલે જ્યારથી બેસે, વ્યાખ્યાન શરૂ થાય ત્યારથી એ બાપડાને કેડનો દુ:ખાવો શરૂ થઈ જ જાય. એના સુષુપ્ત મન (sub-conscious)માં પડ્યું છે એ બધું જ કામ કરવા માંડે. પણ જ્યારે પૈસા માટે દોડવાનું હોય ત્યારે દુ:ખતી કેડ પણ બંધ થઇ જાય કારણ કે એની ધૂન પૈસામાં છે.

આ એક જાતનો કેફ જ છે. કેફમાં દુ:ખાવાની વાત બાજુમાં રહી જાય છે, વિસરાઇ જાય છે.

જેને ધર્મમાં કંટાળો આવે છે, જે કહે છે કે શરીર ધર્મ કરી શકતું નથી એ જૂઠું નથી બોલતા પણ જે અનુભવે છે તે જ કહે છે.

આવો અનુભવ કેમ થાય છે ? એના મૂળમાં જોશો તો એને રુચિ જ જાગી નથી.

આ બધું કરવા કેટલા ય ભવો કાઢયા, હવે એક ભવ આને માટે નહિ આપો ? અને આ ભવનાં પણ કેટલાં વર્ષો ?

ઘણા નવા નવા એક–બે વર્ષ સાંભળે, કહે: સાંભળ્યું હતું, યાત્રા પણ કરી હતી, થોડું દાન પણ આપ્યું, બસ, સંતોષ થઇ ગયો. જ્યારે ધન માટે, ભોગ માટે વર્ષો નહિ, ભવ નહિ, પણ આટલા બધા ભવો આપ્યા.

તમે જે વસ્તુ વારંવાર કરો છો એના સંસ્કાર, એની ટેવ પડી જાય છે. પછી તમે ન બનવા માગતા હો તેમ છતાં એવા થઇ જાઓ છો.

તમને જરા વૈરાગ્ય આવે અને મનમાં ઇચ્છા થાય કે ચાલો, હું ત્યાગી થઇ જાઉં, પણ તમારા અજ્ઞાત મનમાં પડેલી વૃત્તિઓ તો જીવતી જ છે. એટલે ત્યાગના બહાને ઇચ્છાની પૂર્તિ કરો. મોટી મોટી કંકોત્રી છપાવી માન પોષો, ફોટા પડાવી દેહભાવને પોષો, શિલાઓમાં નામ કોતરાવી અહંને પોષો, સંગ્રહ કરી પરિગ્રહને પોષો અને સાથે સાધ્વીઓને ફેરવી મનના

સુષુપ્ત કામને પોષે. આમ અનેક રીતે પ્રચ્છન્ન વેશે મોહ કામ કરતો જ હોય છે. કારણ કે જૂની જન્મજન્મની ટેવ છે.

એક માણસે મિલિટરીમાં ૬૦ વર્ષ સુધી નોકરી કરી, એ નિવૃત્ત થયો. એક દિવસે ઘરમાં દૂધ ઢળી જતાં એ બહાર દૂધ લેવા ગયો. દૂધની તપેલી લઈને આવતો હતો ત્યાં બાજુના મેદાનમાં સૈનિકોની કવાયત parade ચાલતી હતી. એટલે સૈનિકોના વડાએ Commander in Chiefએ હુકમ કર્યો: "Attention" 'સાવધાન.' આ શબ્દ એના કાને પડતાં જ એ પણ Attention કરીને ઊભો રહી ગયો. હાથમાંથી તપેલી પડી અને બધું દૂધ ઢળી ગયું. ત્યાં એને ખ્યાલ આવ્યો: અરે, હું ક્યાં નોકરીમાં છું! હું તો પેન્શન ઉપર છું, મને કહેનાર કોણ? સાવધાનની આજ્ઞા તો પેલા સૈનિકોને આપવામાં આવી હતી, મને શું?

એ હસી પડયો. ટેવ કેવી વસ્તુ છે? આટલા વર્ષો સુધી સૈન્યમાં કામ કર્યું એટલે આ ટેવ પડી ગઈ. Attention કહે એટલે એ હુકમ માનવો એ તો સૈનિકોનો ધર્મ બની ગયો હતો. એના રોમેરોમમાં આ સંસ્કાર પડી ગયા હતા.

આ સંસ્કારની, આ ટેવની, આ પડી ગયેલી રૂઢિઓની અસરો છે.

આ સંસ્કાર ગયા વિના મોક્ષના દ્વારમાં પ્રવેશ કેમ મળશે? બધે લાગવગ ચાલે, ઓળખાણ ચાલે, ચીઠ્ઠીથી કામ થઈ જાય પણ આ એક જ સ્થાન એવું છે જ્યાં બધા સંસ્કારો જાય તો જ મોક્ષમાં પ્રવેશ થાય.

માટે આ સંસ્કારોને નિર્મૂળ કરવા માટે જ્ઞાનસારનાં પ્રવચનો વારંવાર સાંભળવાં પડશે. માત્ર સાંભળવાથી જ નહિ પણ આ શ્લોકો તમારી સ્મૃતિમાં અને તમારા શાન્ત ચિત્તમાં ગુંજન કરતા હોવા જોઈએ. સમુદ્ર તટે બેઠા હો, પ્રભાતના સમયમાં બગીચામાં ફરવા નીકળ્યા હો, એકલા પડયા હો કે પછી મધરાતે નિદ્રા ઊડી જવાથી પથારીમાં આળોટતા હો તે વખતે આ શ્લોકને, એક જ શ્લોકને વિચારો, વિચારીને વાગોળો અને એથી તમારી જાતને પ્રબુદ્ધ કરો. એ ચિંતનમાંથી જીવનનું નવનીત નીતરશે.

ઘાસ બધા જ ખાય છે પણ ગાયો, ભેંશો પહેલાં ખાઈ લે છે પછી શાંત પળોમાં વાગોળે છે. રાત્રે સામે ખાવાનું કાંઈ ન હોય પણ એનું મોઢું ચાલતું જ હોય છે, ફીણ આવતાં જ હોય છે. ખાધેલું એ વાગોળી રહ્યાં હોય છે તો જ એમાંથી દૂધ થાય છે.

એમ તમે અહીં જે શ્રવણ કરો છો એ તો ભોજન કર્યું છે, પણ વાગોળવાનું તો હજી બાકી છે.

આજે નજર પુદ્ગળ તરફ દોડી રહી છે. આંખ ભલે ઘરડી થાય, પણ મન તો પુદ્ગલાભિનન્દી છે. એ રિસેપ્શનમાં જાય તો એની નજર આભૂષણો, સૌન્દર્ય અને ઝાકઝમાક તરફ દોડી જવાની. આંખમાં એવા સંસ્કાર પડયા છે કે થાકે નહિ.

અનાદિકાળથી પુદ્ગલ તરફની રુચિ છે પછી થાક કયાંથી?

પુદ્ગલમાં સ્થિર થયેલા મનને પાછું વાળવા માટે પૈસો અને પ્રભુ નજર સામે હોય તો હવે પ્રભુમાં સંસ્કાર દૃઢ કરવાના છે. આજે પૈસો મુખ્ય (prominent) થઈને બેઠો છે તે વિવેકહીનતા છે. કયે ઠેકાણે કોને મહત્ત્વનું સ્થાન આપવું અને કોને બીજું સ્થાન આપવું એનો ખ્યાલ હોવો જોઈએ. પ્રથમ કોણ અને દ્વિતીય કોણ?

તમારા પુત્રનાં લગ્ન હોય તે પ્રસંગે મુખ્ય પ્રધાનને Chief Minister ને બોલાવ્યા હોય પણ ચોરીમાં કે રિસેપ્શનના સ્ટેજની ચેરમાં તો વરરાજાને જ બેસાડો ને ! કે પ્રધાનને ? પ્રધાન ભલે મોટો પણ લગ્નમાં તો વરરાજા મુખ્ય.

હું તમને એમ નથી કહેતો કે આ પ્રવચન સાંભળીને તમે ઘેર જઈને બધા પૈસા દરિયામાં પધરાવીને અહીં મારી પાસે આવીને બેસી જાઓ ? ના, એ ઉચિત નથી. પણ એટલું જરૂર નક્કી કરો કે પ્રથમ સ્થાન કોને આપવું ? પૈસાને કે પ્રભુને ? આત્માની દુનિયામાં ઉડ્ડયન કરો અને વિચાર કરો ત્યારે એમ લાગવું જોઈએ કે આ સંપત્તિથી પણ એક પરમતત્ત્વ છે, જે તત્ત્વને લીધે જ આ જીવન ધન્ય બની જાય છે.

આ દુનિયામાં તમને સ્થાન કોનાથી મળવાનું? પૈસાથી. એમાં બે મત પણ નથી. આ પૈસાના જોરે ગમે તેવો પણ અતિથિવિશેષ કે સભાનો પ્રમુખ બની બેસે, જ્યાં ત્યાં એનું જ નામ વંચાય અને સંભળાય. એટલે પૈસાને ભલે તમે રાખો પણ એનું સ્થાન ક્યાં સુધી ? એની પણ મર્યાદા હોવી જોઇએ કે નહિ ?

પૈસાને પણ એક મર્યાદા છે. કર્મનો તીવ્ર ઉદય આવે તો તમારો પૈસો કામ નહિ લાગે.

એક ભાઈ કહેતા હતા: મારો રોગ કોઇ પણ ડૉકટર મટાડી આપે તો એને હું પાંચ લાખ રૂપિયા આપવા તૈયાર છું. પણ એનો રોગ કોણ મટાડી શકે ? ડૉકટરો કહે છે કે આ રોગ અસાધ્ય incurable છે.

તમારી મોટી મોટર તમને ફૂટપાથ સુધી જરૂર લાવે પણ વરસાદ પડતો હોય અને મોટરને કહો કે ચાલ, તું સાંકડી ગલીઓમાં તો એ નહિ આવે. તમારે ઊતરવું જ પડશે, ચાલવું પડશે, કદાચ થોડું ભિંજાવું પણ પડશે. ત્યાં ગાડી કામ નહિ લાગે પણ છત્રી કે રેઇન કોટ કામ લાગવાનાં.

જીવનની એવી પણ ગલીઓ છે જેમાં પૈસો નહિ પ્રવેશી શકે, એ ગલીઓમાં કામ લાગે તમારું ચિંતન.

જીવનમાં પૈસો પ્રતિષ્ઠા અપાવશે, વાહ વાહ મેળવી અપાવશે, બે ઘડી ફુલાવીને ઉપર પણ લઇ આવશે. પણ જ્યારે રોગ આવે છે, વૃદ્ધાવસ્થા આવે છે, મૃત્યુ આવે છે ત્યાં કોઈનું ચાલતું નથી. ન પૈસો કામ લાગે, ન પ્રસિદ્ધિ કામ લાગે. એ રશિયાનો Premier હોય કે અમેરિકાનો President હોય કે હિંદુસ્તાનનો Prime Minister હોય. એમના ડોલર, એમની સંપત્તિ એમને નથી બચાવી શકતાં. Dollarની કિંમત છે પણ મૃત્યુ આગળ કાંઈ નથી.

મોટા હોદ્દા ઉપર રહેલા ઓફિસરની ભૂલ થવાથી સિકંદરે એને દંડ કરવાનું નક્કી કર્યું. સિકંદરે સભા સમક્ષ હાજર કરવાનો હુકમ કર્યો પણ ભાગ્યયોગે ઓફિસરનું આયુષ્ય પૂરું થયું.

સૈનિકોએ પાછા આવીને સિકંદરને કહ્યું કે સાહેબ, એ હાજર થઈ શકે તેમ જ નથી. સિકંદર ચિડાઈ ગયો અને બોલ્યો: દુનિયાભરમાં એ ગમે ત્યાં હોય ત્યાંથી એને લઈ આવો. મારું લશ્કર, મારા સેનાપતિઓ શું કામના ?

સિકંદરના બુઝર્ગ વજીરે નમન કરીને કહ્યું: સરકાર એ એવી રાજધાનીમાં ગયો છે જ્યાંથી એને કોઇ જ પાછો લાવી શકે તેમ નથી! સિકંદરે આંખ ઊંચી કરી. 'એવું કયું રાજ્ય છે જે સિકંદરની આંખોમાં સમાય નહિ ?'

વજીરે કહ્યું: એ રાજ્યની દીવાલો, એવી તોતિંગ છે કે એને કોઈ જ ઓળંગી ન શકે. માલિક, તમે પણ જઇ ન શકો ! અપૂર્ણ

# વિશ્વ પ્રવાસી



સમાધાન મેળવી, આંખોમાં પૂ. ગુરુદેવના દર્શનનાં અમી ભરી, વિદાય લેતા શ્રી પીટર.

પૂ. ગુરુદેવના દર્શનાર્થે આવનારના કેટલાકના પ્રશ્નોમાં વિવિધતા છે, વિચારોમાં સૌંદર્ય છે અને તનમાં તાજગી છે. કો'કમાં આધ્યાત્મિકતાનું દર્શન છે તો કો'કમાં સામાના દુઃખની સંવેદના છે. ક્યાંક વિચાર છે તો ક્યાંક મંથન છે.

સ્વિટ્ઝરલેન્ડથી સ્કૂટર ઉપર દુનિયાને જોવા, માનવોને મળવા, મળીને કાંઈક મેળવવા નીકળેલા શ્રી પીટર બુરી મુંબઈ આવતાં જ પૂ. ગુરુદેવના સમાગમમાં આવ્યા.

ભલે શ્રી પીટર મુમુક્ષુ નહોતા પણ સેવાભાવી અને જિજ્ઞાસુ જરૂર હતા. એટલે સહજભાવે પૂ. ગુરુદેવને પ્રશ્ન પૂછયો: "હું શિક્ષક છું, વિદ્યાર્થીઓ એ જ મારી દુનિયા છે, એ જ મારી કલ્પના સૃષ્ટિ છે. મારા વિદ્યાર્થીઓને હું જ્યારે સાચા માર્ગથી વેગળા થતા જોઉં છું ત્યારે મારું અંતર વ્યથિત થાય છે, એમને સાચી શીખ આપવા મન ખેંચાય છે, એમ કહું તો ચાલે, અનેક વ્યકિતઓ સાથે હૃદયથી હું એક બની જાઉં છું. એ વખતે મારાથી બનતું બધું કરું છું. હું મારા ભાવોને, મારી ઊર્મિઓને એમાં રેડું છું; પણ જ્યારે અંતરની નિર્મળ ભાવનામાંથી જન્મેલ સાચા માર્ગદર્શન તરફ તેઓ દુર્લક્ષ્ય સેવે છે, એ માર્ગ પ્રતિ પ્રયાણ નથી કરતા ત્યારે સહેજે હું દુઃખી થઈ જાઉં છું, નિરાશ અને હતાશ પણ થઈ જાઉં છું. શું મારે એમને એમના માર્ગે જવા દેવા ? મારે આ કાર્યક્ષેત્ર છોડી દેવું ?"

પૂ. ગુરુદેવે પીટરમાં સેવાભાવી હૃદય જોયું, વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપનારને માર્ગદર્શન આપવાની જરૂર જણાઈ અને કહ્યું: "સેવા માટે લંબાયેલો હાથ પાછો વાળવાથી શું તમારું અંતર શાંત થશે ? ના, સેવા કરવા જે મન સદા તત્પર છે એને ન રોકશો. બીજા માટે

જેને આટલું બધું લાગે છે એણે એક વાત જરૂર સમજવી જોઇએ. 'બીજા પ્રત્યેનો મારો ભાવ મને જરૂર એમના પ્રત્યે ખેંચે પણ મારું ખેંચાણ એવું ન હોવું જોઇએ કે હું મારા આનંદના કેન્દ્રથી દૂર ચાલ્યો જાઉં. હું મારી જાતને સામાની સાથે એવી રીતે એકરૂપ identify ન કરી બેસું કે એ મારા કહ્યા પ્રમાણે ન કરે ,એટલે મારો આનંદ આંસુમાં પરિણમે, મારી સ્થિરતામાં અસ્થિરતાનું દર્શન થાય !'

"તમે સેવા જરૂર કરો, માર્ગદર્શન જરૂર આપો પણ તમારા કાર્યમાં કર્તાનો નહિ પણ દૃષ્ટાનો ભાવ કેળવો. સામી વ્યકિત ચીંધેલા માર્ગે પ્રયાણ ન કરે ત્યારે એ સંભારવું કે દરેક વ્યકિત પોતાના કુળ, સંસ્કાર, શિક્ષણ અને વાતાવરણનો પડઘો છે, એ તમને મળી તે પહેલાં એણે ઘણા સંસ્કારો ઝીલી લીધા છે. એના પ્રત્યે હમદર્દી બતાવો, કરુણાનો સ્રોત વહાવો પણ હતાશ બનીને સત્કર્મથી વંચિત ન રહો.

"સામાનું દુઃખ દૂર કરવાના પુરુષાર્થમાં સાફલ્ય ન મળતાં જે પોતે જ દુઃખી થઇ જાય છે એ બીજાનું દુઃખ નિર્મૂળ કરવા સમર્થ કયાંથી નીવડે?

"જે કાર્ય કરો તેમાં રાગનું ખેંચાણ નહિ પણ કર્તવ્યનું ભાન થવું એ દૃષ્ટા ભાવ છે, detachment છે. કર્તવ્યનિષ્ઠને કર્તવ્ય કર્યાનો આનંદ છે, ફળની અપેક્ષા નથી.

"તમારા જીવનમાં કાંઇક કરવાની તમન્ના છે, સુંદર વિચારોને આકાર આપવાનો ઉમંગ છે, જૂના ચાલ્યા આવતા પ્રવાહના વહેણમાં નથી તણાવું એવો દૃઢ સંકલ્પ છે એ શું ઓછું છે?

"નદીના વહેણમાં તણાવું, સામાન્યતામાં જીવન જીવવું એ જીવન નથી પણ જીવંત મૃત્યુ જ છે. નીચે જવું ઘણું સહેલું છે. ચાલ્યા આવતા ઢાળમાં ઉતરવામાં કષ્ટ કયાં છે? પણ તમારા આત્માની સમજ ખાતર પ્રવાહની સામે તરવું, નીચે નહિ પણ ઉપર જવું એમાં જ મર્દાનગી છે, જીવનનું ઉત્થાન પણ તેમાં જ છે.

"તમારું જીવન કદાચ તમને બધાથી જૂદો પાડશે, કો'કવાર એકલો પણ પાડશે પણ એમાં આનંદ અનુભવવાનો છે, પણ આમાં અહં ન પોષાય તે જોતા રહેવું. 'હું સહુથી જૂદો પડું છું' એ બીજાને જણાવવા કે જાહેર કરવા નહિ પણ મારું પ્રયાણ ખીણ પ્રતિ નહિ પણ શિખર પ્રતિ છે એટલે જ એકલાએ જવાનું છે. જે સહપ્રવાસી નથી બની શકયા તેમના પ્રત્યે અનુકંપા અને પ્રેમનો પ્રવાહ જ વહાવવાનો છે."

પીટરે પૂછયું: "ગુરુદેવ! હું જ્યારે મારા વિદ્યાર્થીઓનો વિચાર કરું છું ત્યારે મને સુકુમાર, નિર્દોષ કળીઓથી ભરેલો બગીચો યાદ આવે છે. આ અર્ધવિકસિત કળીઓનો હું માળી છું પણ કાલે? કાલે એ નિર્દોષ પુષ્પો દુનિયાનો નિષ્ઠુરતાનો તાપ સહન કરી શકશે? દુનિયા એમને સમજ્યા વિના કચડી નહિ નાખે? આવા નિર્દોષ, પ્રેમાળ, પુષ્પસમા વિદ્યાર્થીઓને જગતની કઠોર વાસ્તવિકતામાં કેવી રીતે લઈ જવા?

"એકમાં પ્રેમ છે, બીજામાં કઠોર જડતા છે. આ બે જીવનમાં સંવાદ કેવી રીતે કેળવવો? કઈ કેળવણી આપવી? કેમ તૈયાર કરવા?"

પીટરના હૈયામાં વિદ્યાર્થીઓ માટે જે વહાલ વહી રહ્યું હતું તે સ્પર્શતાં ગુરુદેવને થયું:

'આવા સહૃદયી શિક્ષકો મળે તો બાળકોનાં જીવન સુધરી જાય.'

આવતીકાલને વીંધતી કરુણાર્દ્ર નજર પીટર પર ઢાળીને પૂ. ગુરુદેવે કહ્યું: "તમારે ઘરમાં પહોંચતાં પહેલાં રસ્તો તો ઓળંગવો પડે ને? રસ્તામાં ઘોંઘાટ અને અવ્યવસ્થા પણ પુષ્કળ હોય છે પણ તમે જાણો છો કે રસ્તો એ મારું ઘર નથી, હું તો રસ્તાની સામી બાજુએ આવેલ નાના–શા સુંદર, શાંત, ફૂલોથી સુશોભિત એવા ઘરમાં રહેનારો છું. મારું રહેઠાણ પ્રેમ, શાંતિ અને સહૃદયતાથી સભર એવા ઘરમાં છે; કલહ અને કંકાસભર્યા રસ્તામાં નહિ! હા, ઘેર પહોંચવા માટે રસ્તા ઉપર જવું પડે અને કોલાહલમાંથી પસાર પણ થવું પડે, પણ ધ્યેય તો ઘર છે. કારણ કે શાંતિ ત્યાં છે.

"ઘર અને રસ્તાનો આ વિવેક જાગતાં દુનિયામાં રહેવા છતાં તમે દુનિયાની બદીઓથી પર રહી શકશો. તમારા વિદ્યાર્થીઓનું લક્ષ્ય આત્માના મૂળ સ્વભાવ ઉપર કેન્દ્રિત કરો, એમને સમજાવો કે પ્રેમ, કરુણા, અનુકંપા, મૈત્રી...આ બધાં તમારા આત્માના ગુણ છે, અને તમારો એમાં જ નિવાસ છે. રહેઠાણમાં પહોંચતાં પહેલાં વિટંબણાઓ સહન કરવી પડે તો પણ ધ્યેય શાંતિ અને સૌન્દર્યનું છે તે ન ભૂલશો.

"જેને જીવનની આ સાચી સમજણ સાંપડી છે, જેને પ્રકાશ પ્રતિ પ્રયાણ કરવું છે એ વિદ્યાર્થીને કોઈ હલાવી કે હરાવી નહિ શકે. એ બહારની કઠોરતા વચ્ચે પણ નાળિયેરની જેમ અંદર કોમળતા જાળવી રાખશે."

આવો જ્ઞાનનો પ્રકાશ મળતાં પીટરે પૂ. ગુરુદેવના સ્વાધ્યાયમાં આવવાની ઇચ્છા દર્શાવી. પૂ. ગુરુદેવના વિચારોનો મૂળ પાયો સમજાયા પછી ભાષાનું અંતર ન રહ્યું. એમને તો પૂ. ગુરુદેવના ભાવમાધુર્યથી ભર્યા વાતાવરણમાં રહેવું હતું, સમજણનો પ્રકાશ મળતાં સૌહાર્દનો સ્પર્શ કરવો હતો.

પ્રવચન બાદ પૂ. ગુરુદેવના મુખ ઉપર થાકની કરચલીઓ ન દેખાતાં, આનંદની રેખાઓ ઉપસી આવતી જોઇ પીટરથી પૂછાઈ ગયું: "વિદ્યાર્થીઓ સમક્ષ એક લેકચર આપતાં પહેલાં મારી કેટલી પૂર્વ તૈયારીઓ હોય છે અને આટલી તૈયારી પછી પણ લેકચર પૂરું થતાં અમે તો થાકી જઈએ છીએ, અમારી બધી શકિત જાણે ખરચાઈ ગઈ ન હોય?

"પણ, સાંભળવા પ્રમાણે આપ તો રોજ આટલી મોટી માનવમેદની સમક્ષ પ્રવચન આપો છે છતાં આપના મન ઉપર ન તાણ (tension) છે, ન ભાર છે, ન થાક છે. આ સહજતા શાથી?"

તેઓશ્રી ખડખડ હસી પડયા. "અરે, હું કયાં જગતને સુધારવાનો ભાર લઇને ફરું છું? હું તો આ જગ–ઉપવનમાં શાંતિ માણવા વિહરું છું. માર્ગમાં આ બધા મળી જાય છે તો મારો સ્વાધ્યાય અને અનુભવ એમની આગળ ધરું છું. હું તો મારા શ્રોતાજનોને મારા અનુભવના સહભાગી પ્રવાસી માનું છું.

"Learn to experience, not to teach. અભ્યાસ શિખવાડવા માટે નહીં પણ અનુભવવા માટે છે. સૌને સ્વ સમજીને સૌની સાથે અનુભૂતિ કરશો તો થાક જરા ય નહિ લાગે.

"જય હિન્દ કૉલેજમાં પ્રવચન બાદ મને ઘણા ય વિદ્યાર્થીઓએ પૂછયું હતું કે વકતા કેમ થવાય? ત્યારે મેં એક દાખલો આપેલો.

'માનો કે તમારું ઘડિયાળ કોઇ ઝૂંટવીને ભાગી જાય. તમે એની પાછળ પડો અને પકડી પાડો ત્યારે તમારી આસપાસ લોકો ભેગા થાય અને ચોર કહે કે આ ઘડિયાળ મારું જ છે, તમારું નહિ. ત્યારે તમે તે વખતે કેવા જુસ્સા અને હિમ્મતથી બધાને કહો: આ ઘડિયાળ એનું નહિ, મારું જ છે. મેં કોટમાં ખરીદ્યું હતું, બસોને વીસ રૂપિયા ચૂકવ્યા હતા, ફાવરેલ્યુબાનું મેક છે, ત્રણ વર્ષથી હું વાપરું છું........તમે બોલે જ જાઓ કારણ કે ઘડિયાળ તમારું છે એ સત્ય છે અને સત્ય તમને પૂરાવા આપે જ જાય છે. સત્ય તમારી વાણીમાં તકાત ભરે છે, તમારા શબ્દોમાં સામર્થ્ય આપે છે. એ વખતે તમને સૌ એકાગ્રતાથી સાંભળે એવી તમારી ઇચ્છા ય નથી, તેમ જ તમે પ્રવચન કરવા ઊભા છો એવી પણ વિચારણા નથી. માત્ર તમે સાચા છો એ જ તમારે પૂરવાર કરવું છે.'

"બસ, માનવી જે વિચારો સાથે સાચો હોય છે, તેમાં દૃઢતા અને સત્યનું દર્શન થાય છે.

"માટે, તમે જે કાંઇ કરો એ સત્ય છે એમ તમને પ્રતીતિ થવી જોઈએ. તમારું conviction, તમારું સત્ય બીજાને સહેજે પ્રતીતિ convince કરાવે છે, એ તમારા પ્રતિ ખેંચાય છે. આ જ વકતૃત્વની ચાવી છે."

પોતાનો આભાર વ્યકત કરતાં પીટરે કહ્યું: "હવે મને સમજ પડી કે આપના રૂમમાં આટલાં બધાં બારીબારણાં કેમ છે! જેમના જીવનખંડમાં પ્રકાશ અને પવનને આવકારવા આટલાં બધાં દ્વાર છે એમના ખંડમાં સૌને સ્વાગત કરવા આટલાં દ્વાર શાને ન હોય?

"જે સ્વની દુનિયા જાણે છે તે જ વિશ્વના જીવોની વ્યથા સમજી શકે છે અને સાચો માર્ગદર્શક બની શકે છે."

આશીર્વાદ આપતાં પૂ. ગુરુદેવે કહ્યું: "પ્રકાશને પામવા આ દીવાલની પેલે પાર જવું પડે છે. શ્રદ્ધા જરૂર તમારા જીવનનું મુખ્ય અંગ રહો પણ જરૂર પડે ત્યારે બારીની બહાર શું છે એ પામવા કાચને ખોલવા પડે કે તોડવા પડે તો ય ન અચકાતા.

"તમારા કાર્યમાં અંધઅનુકરણ નહિ પણ પ્રતીતિનો (convictionનો) પ્રકાશ હો."

— કુ. વત્સલા અમીન

## "કણમા મણ"

**તાજેતરમાં પૂ. ગુરુદેવશ્રીનું પુસ્તક "કણમાં મણ" એ કલર પ્રિન્ટિંગમાં અને નયન મનોહર બાઇન્ડિંગમાં પ્રગટ થયેલ છે, તેની કિંમત રૂા. ૧/૫૦ છે તેની આ પ્રસ્તાવના,**

વર્ષના બાવન અઠવાડિયાનું પ્રતિનિધિત્વ કરતા આ બાવન કણ છે. સિન્દુમાં સિન્ધુની જેમ આ પ્રત્યેક કણમાં મણ સમાયો છે. શ્રમ અને સ્નેહથી ખેતી કરતાં આવડે તો કણમાંથી મણ થાય, નહિ તો બીજ પણ બળી જાય. એટલે સર્વ પ્રથમ આવશ્યકતા છે ખેડૂતની.

આ જીવનના ખેતરમાં કરુણાની વર્ષા થાય અને જ્ઞાનના હળથી આતમખેડૂત વાવણી કરે તો ખેતીમાંથી મોતી પાકે.

પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુશ્રીના પ્રવચનમાંથી 'દિવ્ય-દીપ'ના પ્રથમ પાને વિખરાયેલ કણનો આ સંચય છે.

આ કણ કોઇ વ્યકિત કે સંપ્રદાયના નથી. વિશ્વજીવનમાંથી આવ્યા છે અને વિશ્વજીવનના શ્રેયાર્થે એના જ ચરણે પુનઃ ધરીએ છીએ.

મંગલ પ્રભાત **દિવ્યજ્ઞાન સંઘ**
સંવત ૨૦૨૭

# ❋ જૈન મહિલા સમાજ ❋

માનવીના અંતરમાં પડેલી સુષુપ્ત ભાવનાઓ સંતનો સમાગમ થતાં જાગે છે, વિકસે છે અને સમાજને આશીર્વાદ રૂપ બને છે.

એવું જ કાંઈક પ્રભાબહેન નાથાલાલ પરીખના જીવનમાં બન્યું. પૂ. ગુરુદેવ ચિત્રભાનુ મહારાજશ્રીના સમાગમમાં આવતાં એમને આધ્યાત્મિક પ્રકાશ મળ્યો.

પૂ. ગુરુદેવનું માર્ગદર્શન મળતાં તા. ૯–૩–૬૨ પૂ. ગુરુદેવની નિશ્રામાં શ્રી નાથાલાલ ડી. પરીખ સ્મારક નિધિએ મુંબઇના ગવર્નર શ્રી શ્રી પ્રકાશના શુભહસ્તે મરીનડ્રાઈવ ઉપર આવેલ આશરે ૩૦૦૦ વારના પ્લોટનું શ્રી જૈન મહિલા સમાજને દાન કર્યું.

વર્ષોથી નિ:સ્વાર્થ ભાવે માનવસેવા કરનાર શ્રી જૈન મહિલા સમાજને પોતાની પ્રવૃત્તિઓ વિકસાવવા માટે વિશાળ સ્થાન મળ્યું અને બાંધકામ શરૂ થયું.

શ્રી જૈન મહિલા સમાજને સેવા કર્યાને ૬૦ વર્ષ પૂરાં થયાં અને શ્રી નાથાલાલ ડી. પરીખ સ્મારક નિધિ તરફથી મળેલ પ્લોટ ઉપર સમાજનું મકાન પણ બંધાઈ ગયું.

તા. ૧૦–૧૦–૭૦ દશેરાના શુભ દિવસે શ્રી સરલાબહેન અંબાલાલ સારાભાઈના પ્રમુખપણા હેઠળ શ્રી જૈન મહિલા સમાજનો હીરક મહોત્સવ ઉજવવા શાનદાર મેળાવડો યોજાયો ત્યારે મહિલા સમાજના મુખ્ય કાર્યકરો શ્રીમતી તારાબેન માણેકલાલ શાહ, મેનાબેન નરોત્તમદાસ, લીલાવતીબેન દેવીદાસ વગેરેએ સમગ્ર સભાની વ્યવસ્થા કરી હતી. દશેરા તહેવારનો દિવસ હોવા છતાં જૈન સમાજના અગ્રગણ્ય ભાઇઓ તથા બહેનો હાજર હતા.

પૂ. ગુરુદેવ શ્રી થાણા જૈન મંદિરમાં ચોમાસું વીતાવતા હોવાથી પોતે ન પધાર્યા પણ પોતાના આશીવર્ચન પાઠવતાં જણાવ્યું:

"શ્રી નાથાલાલ પરીખનું જીવન સેવા અને સમર્પણના કાવ્ય સમું હતું. એમણે પોતાના સ્વજનોની અને સંતાનોની ચિંતા નહોતી કરી એટલી દેશની અને સમાજની ચિંતા કરી. એમણે વારસો પાછળ સંપત્તિનો નહિ, પણ સંસ્કારની સૌરભનો મૂકયો.

"એ સમાજની વ્યાસપીઠ પર હતા પણ એમની પાછળ પ્રેરણાનો પ્રકાશ પાથરનાર તો પ્રભાબહેન હતાં. આ પ્રતિભાવંત નારીની પ્રચ્છન્ન પ્રેરણાથી શ્રી નાથાલાલભાઈ સેવા અને રાજ્યક્ષેત્રમાં આગળ વધી શકયા. શ્રી પરીખ જેવા બહુ થોડા દાખલા જોવા મળશે જેમણે રાજકારણમાં ઝંપલાવવા છતાં પોતાનો અંગત સ્વાર્થ જરાય સાધ્યો ન હોય. એમની આ નિ:સ્વાર્થ ત્યાગવૃત્તિએ એમના મિત્રો અને પરિચિતોના મનમાં એમના માટે માનભર્યું ઉચ્ચ સ્થાન સર્જ્યું, જેનું પરિણામ આ સ્મારક છે.

"મરીનડ્રાઈવ જેવા ઉજળા વિસ્તારમાં આવી સુંદર, વિશાળ જગ્યા મેળવવી અત્યંત મુશ્કેલ છે પણ શ્રી જૈન મહિલા સમાજની નિષ્ઠાભરી તપશ્ચર્યાને ધ્યાનમાં લઈ શ્રી નાથાલાલ પરીખ સ્મારક નિધિએ આ પ્લોટ મહિલા સમાજને અર્પણ કર્યો. દાનના એ વિધિ પ્રસંગે હું હાજર હતો એ મારી પ્રસન્નતા છે.

"આજે સંસ્થાના કાર્યકરો એ સેવામૂર્તિની પ્રતિમાનું અનાવરણ શ્રી એમ. પી. અમીનના હાથે કરી એમની સેવા અને સમર્પણનું સન્માન કરી રહ્યા છે એ પ્રસંગને હું અભિનંદુ છું.

"શ્રીમતી જસુમતીબહેન કે જેઓ જૈન મહિલા સમાજની વર્ષો સુધી સેવા કરી સંસ્થાના એક અંગરૂપ બન્યાં હતાં તેમનું નામ આ

ભવન સાથે જોડી તેમનું સંસ્મરણ અમર કર્યું છે અને તેમના bustનું અનાવરણ આ સાથે થાય છે તે સોનામાં સુગંધ ભળ્યા જેવું છે.

"સંસ્થા આટલા વર્ષોથી નમ્રભાવે સમાજની "મહિલાઓની સેવા કરતી આવી છે અને ભવિષ્યમાં પણ વિવિધ ક્ષેત્રોમાં સેવા કરી વટવૃક્ષની જેમ શાખાઓ વિસ્તારે એવી શુભેચ્છા."

જેમણે પોતાનું સમસ્ત જીવન જૈન મહિલા સમાજ દ્વારા સમાજની સેવામાં જ વ્યતીત કર્યું એવાં શ્રી જસુમતીબહેનના બસ્ટની અનાવરણ વિધિ શ્રી ચીમનભાઈ ચકુભાઈના હાથે થઈ અને 'જસુમતીબહેન ભવન'નું ઉદ્દઘાટન થયું.

શ્રી નાથાલાલભાઈ ડી. પરીખનું bust ખૂલ્લું મૂકતાં મુંબઈના જાણીતા ધારાશાસ્ત્રી શ્રી એમ. પી. અમીને પોતાના વિચારો રજૂ કર્યાં તેમાંની થોડીક કણિકાઓ અહીં લેવામાં આવી છે.

Even though Shri Nathalal D. Parikh was born with a silver spoon in life he believed in hard work and strenuous life.

In course of time by his sheer industry, perseverance and sincerity of purpose he became a leading light in the Diamond business.

Years 1921 to 1923 were a period of political agitation in India.

Entry of Mahatma Gandhi in the Indian Political field gave a healthy momentum to that movement and young Nathalal could not escape the strong impulse of that movement.

Nathalal's activities in politics continued.

In response to call of duty he rushed to Vienna where Shri Vithalbhai Patel that great patriot of the old school was lying ill in a hospital. Nathalal came in personal contact with Vithalbhai Patel whom he served with all sincerity during his illness which did not last long. Nathalal found his life's awakening during that short period. It was then that he came in contact with that prince among patriots–Subhash Chandra Bose. Nathalal's association with Netaji became thicker and thicker and in later years Nathalal stood by Netaji in times of stress and strain.

After India became Independent Nathalal's activities in the public life continued.

He took active part in the civic life of the city.

He became the chairman of the standing committee holding that responsible position for a long time.

He finally was elected a member of the Bombay Legislative Assembly. Thus he had a varied active life of public and political activities.

He was very philanthropic. He believed in what is known as 'ગુપ્તદાન'. No man in need went to his house for help and returned disapointed. After his death his loss was not only mourned by his near and dear ones but also by this large class of needy and helpless persons who were the objects of his bounty.

And in this pious act, this philanthropic act he was encouraged by his life-long partner Smt. Prabhaben who is an ideal Aryan lady with full Aryan culture. Even though Prabhaben was born in a rich family she understood the needs of people in distress. She was a willing, helpful, co-operative and encouraging partner. Nathalal's success in life was in no small measure due to this happy combination.

After Nathalal's death Prabhaben came to know Muni Shri Chitrabhanu Maharaj.

It was through Maharaj Shri's ins-

piration that Prabhaben and members of Nathalal's family contributed in a large way to the donation of this plot where the building of Jain Mahila Samaj stands. It is due to the same inspiration that she, rolling in diamonds is leading a simple life-life of renunciation.

With the blessings of Maharaj Shri this institution will prosper and its activities-social, educational and cultural will expand beyond all expectations and will be profusely availed of by women of all communities.

Maharaj Shri Chitrabhanu Maharaj is a saint of profound learning and experience having a deep insight of Adhyatmic knowledge. The Jain Community should be proud of having such a holy saint in their fold.

The other communitles are really grateful to the Jain community for making it possible for them to take advantage of deriving spiritual benefit at the feet of this, their very revered saint. Those who hear his lectures find themselves completely changed in their life to their benefit. Those who read his books find therein a fountain pouring forth Spiritual bliss. I have read his lectures. I have read his books and in my humble opinion I feel that his books are real gems. Every family should have the whole set of Maharaj Shri's books and every member should read them not one, not twice but as often as one can to find a complete change in the whole outlook of life.

May this Jain Mahila Samaj attain greater and greater prosperity and success in all its aims and objects and be a beacon light to several other institutions in this city.

અંતમાં પ્રમુખસ્થાનેથી શ્રી સરલાબહેને જૈન મહિલા સમાજે કરેલી સેવાનો સંક્ષેપમાં ઉલ્લેખ કરતાં જૈન મહિલા સમાજને ધન્યવાદ પાઠવ્યા, અને કહ્યું:

"પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુ મહારાજશ્રી જેવા સંતના સમાગમમાં આવતાં પોતાના જીવનમાં અનુભવેલો આનંદ વ્યકત કરતાં જણાવ્યું કે ચિત્રભાનુ મહારાજશ્રીના માત્ર દર્શન જ નહિ પણ તેમના વિચારોનું મનન, ચિંતન અને આચરણ માનવ જીવનને શુદ્ધ બનાવે છે."

શ્રી અમીને જણાવેલ વિચારોની અનુમોદના કરતાં કહ્યું કે "પૂ. ગુરુદેવના પુસ્તકો જીવનના ઉત્થાન માટે આવશ્યક છે."

પ્રેરણાના બીજ વવાયાં, સેવાની કદરદાની થઈ, જૈન મહિલા સમાજે વધુ પ્રગતિ કરવાનો માનસિક સંકલ્પ કર્યો.

---

## વીતરાગનો માર્ગ

આ વાત સાંભળીને તો દેવોની આંખમાં પણ આંસુ આવ્યાં.

'એક સંસારી મરીને સ્વર્ગે ગયો, અને એક સાધુ મરીને નરકે ગયો!'


એક જિજ્ઞાસુએ આનું કારણ એક ચિન્તકને પૂછયું: 'આમ કેમ બન્યું? નીચે રહેલો ઉપર ગયો અને ઉપર રહેલો નીચે ગયો?'

ચિન્તકે કહ્યું: 'સંસારી રાગમાં રહેવા છતાં ત્યાગીઓનો સંગ કરતો, જ્યારે સાધુ ત્યાગમાં રહેવા છતાં રાગીઓનો સંગ કરવા ઝંખતો; એટલે રાગી અંતરથી ત્યાગી થયો અને ત્યાગી અંતરથી રાગી થયો.

વીતરાગનો માર્ગ આ છે:

**રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ.**

'બિંદુમાં સિંધુ'માંથી.




સંધ્યાના રંગ જોઈ જીવનના રંગનો ખ્યાલ કરજો. ચિમળાયેલા ફૂલને જોઈ જીવન પછીના મરણનો વિચાર કરજો.

–"સૌરભ"માંથી

'ચિત્રભાનુ'

Looking at the hues of twilight, recall to your mind the changing colours of existence. Perceiving the withered blossoms, reflect upon the phenomenon of death ranging beyond the immediate prospect of present life.

from : **Lotus Bloom**

by : **Chitrabhanu**

# સંસ્થા સમાચાર

## ન્યાય ઉપાર્જિત દ્રવ્ય અને અર્થ શુદ્ધિ

વ્યાપાર જ જ્યારે અપ્રમાણિક અને અનીતિમય બની જાય છે ત્યારે જીવનના સર્વ અંગો પર એની અસર થયા વિના રહેતી નથી કારણ કે જીવનના બધા જ અંગો ચલાવવામાં અર્થ મુખ્ય ભાગ ભજવે છે. ખોરાકની પ્રાપ્તિ, રહેઠાણ, દાન, પુણ્યના સાધનો, મંદિર અને ધર્મસ્થાનો અર્થથી જ થાય છે. એ અર્થ શુદ્ધ અને ન્યાય ઉપાર્જિત ન હોય તો એનાથી બનેલા આ બધા સ્થળોમાં પણ અનીતિનો પ્રવેશ થવાનો જ. અને એ પૈસો આવતાં લોકો ધર્મ કરવાને બદલે કલહ કરવાના જ. એટલે અર્થ, ન્યાય ઉપાર્જિત શુદ્ધ હોવો જોઈએ. તો જ શુદ્ધ ધર્મની આરાધના થઈ શકે.

પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુ મહારાજશ્રીની આ વાત સાંભળી એક ગૃહસ્થ ઊભા થયા અને કહ્યું: ચાર દિવસ પછી મારી એક દુકાનનું ઉદ્‌ઘાટન થવાનું જ છે. આપ એ ઉદ્‌ઘાટનની પહેલાં આવી આશીર્વાદ આપી માંગલિક સંભળાવી જાઓ. અને હું આપને ખાત્રી આપું છું કે એ દુકાન પર એક જ ભાવ હશે, સાચો માલ હશે અને પ્રમાણિકતાની પૂજા હશે.

વ્યાપારમાં આ રીતે પ્રમાણિકતા પ્રવેશતી હોય તો ધર્મ સંભળાવવામાં શું વાંધો છે?

એમ વિચારી પૂજ્ય ગુરુદેવે શ્રી પ્રેમજીભાઈ ડુંગરશીની વિનંતી સ્વીકારી તા. ૧૦-૧૦-૭૦ એમની દુકાને પધાર્યા અને પ્રવચન માટે ઉભા કરવામાં આવેલ મંડપમાં માંગલિક સંભળાવી નીતિ અને ન્યાય ઉપાર્જિત દ્રવ્ય ઉપર ટૂંકું પ્રવચન આપ્યું અને પ્રભાવના થઈ.

તે પછી એક કલાક પછી શ્રી પ્રેમજીભાઇએ ઉદ્‌ઘાટન કર્યું. ૧૦-૧૦-૭૦

## સંઘ યાત્રા

મુલુંડથી પૂ. તપસ્વીની સાધ્વીજીશ્રી હરખશ્રીજી મહારાજની આગેવાની હેઠળ છરી પાળતો સંઘ ઠાણા પધારતાં સંઘનું સ્વાગત કર્યું અને પૂ. સાધ્વીજીના આગ્રહથી પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુ મહારાજશ્રીનું પ્રવચન રાખ્યું. પ્રવચન અંતે પૂ. ગુરુદેવના વાસક્ષેપ નિક્ષેપ પૂર્વક સંઘવીને સુખડની માળ પહેરાવવામાં આવી. મધ્યાહ્ને સ્વામિવાત્સલ્ય કરી સંઘે પ્રયાણ કર્યું. ૧૮-૧૦-૭૦

## આવતી કાલના બાળકોને

ભાંડુપ શાળાના સો જેટલાં વિદ્યાર્થી વિદ્યાર્થિનીઓ પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળવા ટ્રેનમાં આવતાં શ્રી થાણા સંઘે તેઓને નાસ્તો આપી સ્વાગત કર્યું.

પ્રવચન આપતાં પૂ. ગુરુદેવે કહ્યું: "આ બાળકો શાહીચૂસ (Blotting paper) જેવાં છે. એમને તમે જેવા સંસ્કારો અને વિચારો આપશો તેવા ઝીલશે. ઘર અને સમાજ જ સડેલાં હશે તો આ બાળકો કેમ સુધરશે? એમને સુધારવા ઘરો અને સમાજને સુધરવું પડશે.

"પણ સમાજ તો આજે કાળા બજાર, જૂઠ અને કલહના રાજમાર્ગ પર આગળ વધી રહ્યો છે. બિચારા બાળકોનું શું થશે? એમને પ્રેરણા તો આ નીચે ગબડતા સમાજમાંથી જ મેળવવાની છે ને?"

પ્રવચન અંતે બાળકોએ સુંદર સંવાદ કરી બાળકો શું કરી શકે તે બતાવ્યું.

૨૨-૧૦-૭૦

મુદ્રક, પ્રકાશક (અને તંત્રી) સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, વિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઈન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે 'ક્વીન્સ વ્યૂ' ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઈ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.